## જવાનોના શૌર્ય અને પરાક્રમને યાદ કરી દેશભરમાં કાર્યક્રમો

# કારગિલ યુદ્ધમાં જીતના ૨૦ વર્ષ પૂર્ણ થયા : જવાનોને શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી,તા.૨૬

કારગિલ યુદ્ધમાં ભવ્ય જીતની આજે દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે કારગિલ યુદ્ધના સાહસનો પરિચય આપી દુશ્મન સામે લડતા પોતાના પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના શૌર્યને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દેશભરમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને વીર જવાનોને યાદ કરવામાં આવ્યા હતા. જીતના આજે ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. આજે કારગિલ યુદ્ધમાં ભારતીય જીતની યાદો ફરી એકવાર તાજી થઇ હતી. દેશભરમાં જવાનોના શૌર્યની આજે વાત થઇ રહી છે. શહીદ જવાનોને અંજલિ આપવાના કાર્યક્રમ થઇ રહ્યા છે. તેમની વીર ગાથા ચારેબાજુ સંભળાઇ રહી છે. સંરક્ષણ પ્રધાન પ્રધાન રાજનાથ સિંહ, સેના અધ્યક્ષ જનરલ બિપીન રાવત, નૌકા સેનાના અધ્યક્ષ એડમિરલ સુનિલ લાંબા અને હવાઇ દળના વડા બિરેન્દ્ર સિંહ ધનોઆએ પાટનગર દિલ્હીમાં અમરજવાન જ્યોતિ ઉપર આજે પુષ્પાંજલિ આપીને કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સશસ્ત્ર દળના શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમની વીરતાની પ્રશંસા કરી હતી. રાજનાથ સિંહ, ભારતીય સેનાના વડા બિપિન રાવત, ભારતીય હવાઇ દળના વડા બિરેન્દ્ર સિંહ, નૌકા સેનાના વડા સુનિલ લામ્બાએ શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ ટ્વિટર ઉપર સવારે જ કહ્યું હતું કે, દેશમાં પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના સાહસને તેઓ સલામ કરે છે. કારગિલ દિવસ અમારા સશસ્ત્ર દળોના સાહસ અને બલિદાનની યાદ અપાવે છે. જમ્મુ કાશ્મીરમાં દ્રાસ વોર મેમોરિયલ ખાતે સેનાના જવાનોએ પણ પુષ્પાંજલિ આપી હતી. જમ્મુ કાશ્મીરના કારગિલ જિલ્લામાં જુલાઈ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ થયું હતું જેમાં ૫૦૦થી અધિકારીઓ અને જવાનોના મોત થયા હતા. સાહસી જવાનોને મરણોપરાંત વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. ઓપરેશન વિજય તરીકે પણ આને યાદ કરવામાં આવે છે. અમર જવાન જ્યોતિ ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય જવાનોએ અભૂતપૂર્વ સાહસનો પરિચય આપીને જોરદાર જંગ ખેલ્યા બાદ આખરે જીત હાંસલ કરી હતી. આને કારગિલ વિજય દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે. આ યુદ્ધમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની સેનાના જવાનો અને ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સત્તાવાર રીતે આંકડો ઓછો હતો પરંતુ એમ માનવામાં આવે છે કે પાકિસ્તાનના ૫૦૦૦થી વધારે જવાનો અને ત્રાસવાદીઓ આ લડાઈમાં માર્યા ગયા હતા. જટિલ યુદ્ધ લડવામાં આવ્યુ હતુ. વિજય દિવસની ઉજવણી બે ત્રણ દિવસ ચાલે છે.



કારગીલ વિજય દિવસે મુંબઈમાં નેવલ ડોકયાર્ડ ખાતે ટુર પર આવેલા સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રાર્થના કરીને શ્રધ્ધાંજલી આપી હતી તે વેળાની તસ્વીર.

## દિલ્હીમાં અમર જવાન જ્યોતિ ઉપર પુષ્પાંજલિ અર્પણ કરાઈ : કેપ્ટન વિક્રમ બત્રા, સૌરભ કાલિયા, મનોજ પાંડે સહિત બધા સાહસી જવાનને યાદ કરાયા

## સેંકડો પાકિસ્તાની જવાનો ભયથી ભાગી ગયા હતા

# કારગિલ યુદ્ધના હિરો લાન્સ નાયક આબિદ હતા

હરદોઇ,તા. ૨૬

ત્રીજી મે ૧૯૯૯ના દિવસે કારગીલ યુદ્ધની શરૂઆત થઇ હતી અને આજના દિવસે એટલે કે ૨૬મી જુલાઇ ૧૯૯૯ના દિવસે કારગીલ યુદ્ધની પૂર્ણાહુતિ થઇ હતી. આ યુદ્ધમાં ભારતીય સેનાના સાહસી જવાનોએ જોરદાર પરાક્રમ કર્યા હતા. જેમાં સેંકડો પાકિસ્તાની જવાનોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા અને જે બચી ગયા હતા તે સંતાઇને ભાગી ગયા હતા. જો કે પોતાની વિરતાનો પરિચય આપતા ભારતના પણ અનેક જવાનો અને અધિકારી શહીદ થયા હતા. આ શહીદ થયેલાઓમાં લાન્સ નાયક આબિદ ખાન પણ સામેલ હતા. શહિદ આબિદ હરદોઇ જિલ્લાના પાલી વિસ્તારના હતા. તેમની શહાદતને લઇને હજુ પણ તમામ લોકો ચિંતાતુર છે. પાલીનગરના મોહલ્લા કાજીસરાયમાં છઠ્ઠી મે ૧૯૭૨ના દિવસે તેમનો જન્મ થયો હતો. તેઓ શરૂઆતથી સાહસી હતા. તેઓ સેનામાં ભરતી થવા માટે ઈચ્છુક હતા. વર્ષ ૧૯૮૮માં તેમની ઈચ્છા પૂર્ણન થઇ હતી. એ વખતે તેઓ સેનામાં જોડાઇ ગયા હતા. કારગીલમાં ત્રાસવાદીઓ સાથે જંગ ખેલતા એકલા મોરચા પર તેઓ લડ્યા હતા. ત્રાસવાદીઓ વચ્ચે ઘેરાઇ ગયા હોવા છતાં તેઓ બચીને સફળ રીતે નિકળી ગયા હતા. આબિજને ૧૯૯૫માં સેના મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આબિદ બકરી ઈદની રજા મનાવવા માટે ઘરે ગયેલા હતા ત્યારે જ તેમને ફરી હાજર થવા માટે આદેશ આવ્યો હતો. તેમને ટાઈગર હિલ માટે મોકલી દેવામાં આવ્યા હતા. એકલા આબિદે ૧૭ પાકિસ્તાની જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ગાળા દરમિયાન તેઓ ઘાયલ થયા હતા. જેમાં તેઓ શહીદ થયા હતા. તેમને આજે યાદ કરવામાં આવ્યા હતા. સાહસને કારગીલ યુદ્ધ વિજય દિવસે શ્રદ્ધાંજલિ અપાઇ હતી.

**શહીદ આબિદ હરદોઇ જિલ્લાના પાલી વિસ્તારના હતા**

# રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મોદીની કારગીલના વીર જવાનોને સલામ

(હિ.મી.એ),નવીદિલ્હી,તા.૨૬

ભારતે ૧૯૯૯મા ૨૬ જુલાઈએ કારગીલના યુદ્ધમા પાકિસ્તાનને ધૂળ ચાટતુ કરી દીધુ હતુ. ત્યારે આ ઘટનાને ૨૦ વર્ષ થવા છતા હજુ તેની યાદો તાજી જ છે. ત્યારે ભારતીય સેના તેમજ દેશ માટે ગૌરવ લઈ શકાય તેવા આ ખાસ દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોંવિંદ અને વડાપ્રધાન મોદીએ કારગીલના જંગમા શહીદ થયેલા વીર જવાનોને નમન કરી તેમને અંજલિ આપી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યુ હતુ કે કારગીલ વિજય દિવસ પર ભારતે દેશના જવાનોની હિમત અને તેમના આત્મવિશ્વાસને ૧૯૯૯મા જોયા હતા. તેમા જે વીર જવાનોએ ભારતનુ રક્ષણ કર્યુ હતુ તે વીર જવાનોને અમે સલામ કરીએ છીએ. તેમણે વધુમા જણાવ્યુ કે અમે તેવા તમામ જવાનોના ઋણી છીએ કે જેઓ આ યુદ્ધમાથી ફરી પરત આવી શકયા ન હતા, જય હિન્દ.

દરમિયાન વડાપ્રધાન મોદીએ કારગીલ વિજય દિવસ નિમીતે તે સમયને યાદ કરતા જણાવ્યુ હતુ કે ૧૯૯૯ મા કારગીલ યુદ્ધ વખતે મને કારગીલ જવાનો અને ત્યા રહેલા બાહદુર જવાનોની સૈન્ય તાકાત જોવાનો સારો મોકો મળ્યો હતો.

## ઔરંગાબાદમા પોલીસ સાથે થયેલી અથડામણમાં ત્રણ નકસલીઓ ઠાર

(હિ.મી.એ),ઔરંગાબાદ,તા.૨૬

બિહારના ઔરંગાબાદ જિલ્લામાં દેવ પોલીસ મથક વિસ્તારની હદમા પોલીસ અને નકસલીઓ વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ નકસલીઓ ઠાર થયા છે. આ અંગે ઔરંગાબાદ પોલીસના એક અધિકારીએ જણાવ્યુ કે પોલીસને બતમી મળી હતી કે આ વિસ્તારમા નકસલીઓનુ એક જુથ સતનદીયા ગામ પાસે એકત્ર થયુ છે. આ બાતમીના આધારે પોલીસે આ વિસ્તારમા સંયુકત અભિયાન હાથ ધર્યુ હતુ. આ દરમિયાન જે ગામ નજીક નકસલીઓ એકત્ર થયા હતા તે નકસલીઓએ પોલીસને જોતાજ તેમના તરફ ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ. જોકે આ દરમિયાન પોલીસે પણ નકસલીઓને વળતો જવાબ આપ્યો હતો. અને સામસામે ફાયરિંગ શરૂ થઈ ગયુ હતુ.

### જાહેર નોટીસ

જન્મ-મરણ/નોંધણી/અરજી નં.-૧૫૨/૨૦૧૯

**દેવ ચૌધરી ( IAS) સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, દસક્રોઈ પ્રાંત. અમદાવાદની કોર્ટ**

અરજદાર- હંસાબેન ખીમાભાઈ સાધુ રહે, હરણીયાવ, તા.દસ્ક્રોઈ, અમદાવાદ
સામાવાળા- તલાટી કમમંત્રીશ્રી, હરણીયાવ તા. દસક્રોઈ, અમદાવાદ

જન્મમરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પતિ નામે ખીમાભાઈ ગોવિંદભાઈ સાધુનાઓનાનું મરણ તા.૦૪-૦૪-૧૯૭૮ ના રોજ મોજે. હરણીયાવ તા. દસ્ક્રોઈ, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણની નોંધ ગ્રામપંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨-૭-૨૦૧૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**દસક્રોઈ પ્રાંત. અમદાવાદ**

### ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ

**(CIN: L27100GJ1981PLC004718)**
**રજી. ઓફિસઃ સર્વે નંબર ૮૧૬, ગામઃ રજોડા, બાવળા નજીક, અમદાવાદ-૩૮૨૨૨૦, ગુજરાત, ભારત.**
**ફોનઃ +૯૧ ૨૭૧૪ ૨૩૨૨૮૩/૨૩૨૯૮૩/૨૩૨૦૬૬ E-mail: cs@bhagwati.com Website: www.bhagwati.com**

**૩૭મી વાર્ષિક સામાન્ય સભા અંગેની નોટીસ, બુક બંધ અંગેની તારીખો અને રીમોટ-ઈ-વોટીંગ અંગેની માહિતીઓ**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા બુધવાર, ૨૧મી ઓગષ્ટ, ૨૦૧૯ ના રોજ સવારે ૧૧ કલાકે કંપનીની રજી. ઓફીસ ખાતે નોટીસમાં દર્શાવેલ કામકાજોને બહાલી આપવા યોજવામાં આવી છે. આ સાથે વધુમાં એવી નોટીસ આપવામાં આવે છે કે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈ મુજબ અને કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ના પેટા નિયમ ૧૦ મુજબ અને સેબી (લિસ્ટિંગ ફરજો અને જાહેરાત જરૂરિયાતો) નિયમનો ૨૦૧૫ (એલએડીઆર નિયમનો) અન્વયે ડીવીડન્ડ ચૂકવણી અને કંપનીની આગામી વાર્ષિક સામાન્ય સભા હેતુસર કંપનીના સભ્યોનું પત્રક અને શેર ટ્રાન્સફરના ચોપડા તારીખ બુધવાર ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૯ થી બુધવાર, ૨૧મી ઓગષ્ટ, ૨૦૧૯ (બંને દિવસો સમાવિષ્ટ) સુધી બંધ રહેશે. કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૦૮ને કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ના પેટા નિયમો ૨૦ અને સમય સમયે સુધારો કરી અને એલએડીઆર નિયમોની ૪૪મી નિયમન મુજબ પત્રક નીચે મુજબ છે.

૧. કંપની પાતાના સભ્યપદોને ઈ-વોટીંગ સુવિધા પૂરી પાડી રહેલ છે. સભ્યપદોના પોતાના મત ઈ-વોટીંગ દ્વારા આપી શકશે. જેની પ્રક્રિયા નેશનલ સિક્યોરીટીઝ ડીપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) દ્વારા કરવામાં આવશે. બધા જ ઠરાવો નોટીસમાં દર્શાવેલ છે.
૨. રિમોટ ઈ-વોટીંગનો પ્રારંભ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૯ ના સવારે ૯ કલાકે (ભારતીય સમય અનુસાર) શરૂ થશે. તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૧૯ ના સાંજના ૫ કલાકે (ભારતીય સમય અનુસાર) તેનું સમાપન થશે. શેરધારકોને ઈલેક્ટ્રોનીક મતદાન માટે તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૧૯ ના સાંજના ૫ કલાકે (ભારતીય સમય અનુસાર) સમય વિત્યા પછી ઈ-વોટીંગ કરવા દેવામાં આવશે નહીં. આ સમયગાળા દરમ્યાન કંપનીના સભ્યપદો મંગળવાર, ૧૩મી ઓગષ્ટ, ૨૦૧૯ ની કટ ઓફ તારીખે જેટલા શેર ધરાવતા હશે તે મુજબ તેમના મત ઈલેક્ટ્રોનિક મતદાન દ્વારા આપી શકશે.
૩. કોઈપણ વ્યક્તિ કે જેઓ કંપનીના શેર્સ હસ્તગત કરે અને નોટીસ મોકલ્યા તારીખ પછી કંપનીના સભ્ય બને અને કટ ઓફ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૧૯ ના રોજ ધારણ કરે તો તેવા સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ કરવા માટે e-voting@nsdl.co.in અથવા cs@bhagwati.com ને લોગીન આઈડી અને પાસવર્ડ માટેની વિનંતી કરી મેળવી શકે છે. જે વ્યક્તિની રિમોટ ઈ-વોટીંગ માટે એન.એસ.ડી.એલ સાથે નોંધણી થઈ ગયેલ હોય તો તેનો મત આપવા માટે તેઓ તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.
૪. મતપત્ર દ્વારા આપવાની સગવડ સામાન્ય સભામાં ઉપલબ્ધ રહેશે. હાજર રહેલા સભ્યોમાંથી જેમણે ઈ-વોટીંગ દ્વારા વોટ ન આપ્યો હોય તેઓ મીટીંગમાં મતપત્ર દ્વારા વોટ આપી શકશે.
૫. પહેલા જે સભ્યોએ રિમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપ્યો હશે તેઓ સામાન્ય સભામાં હાજર રહી શકશે પરંતુ ફરીથી તેઓ મત આપવા માટે હકદાર રહેશે નહી.
૬. ફક્ત કટ ઓફ તારીખ સુધી ડીપોઝીટરી દ્વારા મળવામાં આવેલા સભ્યોના પત્રક અને લાભકર્તા મતપત્રો થકી વોટીંગની સગવડોનો લાભ મેળવવા માટે હકદાર રહેશે.
૭. વાર્ષિક સભાની નોટીસનું પોસ્ટ કરવાનું કામ ૨૫મી જુલાઈ, ૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલ છે. વાર્ષિક સભાની નોટીસ કંપનીની વેબસાઈટ www.bhagwati.com પર પણ ઉપલબ્ધ છે.
૮. જે કોઈ સભ્યપદોને ઈ-વોટીંગ માટેના પ્રશ્નો, ફરિયાદ હોય તો તેઓએ શ્રી અમીત વિશાલ, મેનેજર, એન.એસ.ડી.એલ, ઈ-મેઈલ આઈડી evoting@nsdl.co.in ફોન નં. 022-24994360 પર સંપર્ક કરી શકે છે.

**ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ વતી,**
સહી/-
ડૉ. પ્રવિણ એન. ભગવતી
ચેરમેન એન્ડ મેનેજીંગ ડાયરેક્ટર

**તારીખ:** ૨૬.૦૭.૨૦૧૯
**સ્થળ:** અમદાવાદ

### Atul Ltd

Registered office: Atul House, G I Patel Marg, Ahmedabad 380 014, Gujarat, India
E-mail address: shareholders@atul.co.in | Website: www.atul.co.in | Telephone number: (+91 79) 26461294 | 26463706
CIN: L99999GJ1975PLC002859

**Extract of standalone and consolidated unaudited financial results for the quarter ended on June 30, 2019**
**[in terms of Regulation 47(1)(b) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015]**

(₹ cr)

| No. | Particulars | Standalone | | | | Consolidated | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | for the quarter ended on | | | for the year ended on | for the quarter ended on | | | for the year ended on |
| | | June 30, 2019 Unaudited | March 31, 2019 Unaudited | June 30, 2018 Unaudited | March 31, 2019 Audited | June 30, 2019 Unaudited | March 31, 2019 Unaudited | June 30, 2018 Unaudited | March 31, 2019 Audited |
| 1. | Total income from operations | 993.30 | 1,000.84 | 888.06 | 3,915.81 | 1,040.55 | 1,058.04 | 912.78 | 4,037.81 |
| 2. | Net profit for the period before tax | 197.40 | 165.82 | 127.37 | 651.90 | 217.68 | 173.95 | 137.06 | 680.34 |
| 3. | Net profit for the period after tax | 129.73 | 108.54 | 84.19 | 428.64 | 148.74 | 113.22 | 82.81 | 436.02 |
| 4. | Total comprehensive income for the period [Comprising profit for the period (after tax) and other comprehensive income (after tax)] | 84.94 | 149.05 | 127.51 | 491.99 | 101.57 | 154.58 | 122.80 | 496.44 |
| 5. | Equity share capital | 29.66 | 29.66 | 29.66 | 29.66 | 29.66 | 29.66 | 29.66 | 29.66 |
| 6. | Other equity | | | | 2,619.88 | | | | 2,676.03 |
| 7. | Earnings per share (EPS) of ₹10 each Basic and diluted EPS (₹ per share) (not annualised, excluding year end) | 43.74 | 36.59 | 28.38 | 144.51 | 49.67 | 37.61 | 27.44 | 145.72 |

**Note:**
1. The above is an extract of the detailed format of results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The details in prescribed format of the results are available on the websites of the Stock Exchanges (www.bseindia.com, www.nseindia.com) and the Company (www.atul.co.in).

For Atul Ltd
(Sunil S Lalbhai)
**Chairman and Managing Director**

Mumbai
July 26, 2019

Lalbhai Group

### ELECON

GEARING THE FUTURE

**ELECON ENGINEERING COMPANY LIMITED**
**CIN : L29100GJ1960PLC001082**
**Regd. Office : Anand-Sojitra Road, Vallabh Vidyanagar - 388 120, Gujarat. Ph: (02692) 237016 Fax : (02692) 227020**
**Email: investor.relations@elecon.com Website: www.elecon.com**

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2019** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 30-06-2019 (Unaudited) | Quarter Ended 30-06-2018 (Unaudited) | Year Ended 31-03-2019 (Audited) | Quarter Ended 30-06-2019 (Unaudited) | Quarter Ended 30-06-2018 (Unaudited) | Year Ended 31-03-2019 (Audited) |
| 1 | Total Income from Operations | 21418.45 | 23698.67 | 97748.86 | 27245.65 | 30717.74 | 129040.82 |
| 2 | Net Profit / (Loss) for the period (before Taxes, Exceptional and/or Extraordinary items) | 200.58 | 515.38 | 2785.66 | 137.80 | 966.14 | 8825.82 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 200.58 | 515.38 | 2785.66 | 137.80 | 966.14 | 8825.82 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | 133.99 | 343.43 | 1207.29 | 45.29 | 751.35 | 7010.92 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 131.30 | 346.28 | 1198.02 | (76.43) | 965.11 | 6189.77 |
| 6 | Equity Share Capital, Paid-up Equity Share Capital (Face Value of the share ₹ 2/-) | 2244.00 | 2244.00 | 2244.00 | 2244.00 | 2244.00 | 2244.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserves) | - | - | 71757.37 | - | - | 74562.44 |
| 8 | Earnings Per Share (of ₹ 2/- each) (for continuing and discontinuing operations): | | | | | | |
| | (a) Basic | 0.12 | 0.31 | 1.08 | 0.04 | 0.67 | 6.25 |
| | (b) Diluted | 0.12 | 0.31 | 1.08 | 0.04 | 0.67 | 6.25 |

Notes:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites. (www.bseindia.com & www.nseindia.com)
2. The statement has been prepared in accordance with the Companies(Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other recognised accounting practices and policies to the extent applicable.
3. The above financial results were reviewed and recommended by the Audit Committee and taken on record & approved by the Board of Directors at their respective meetings held on 26th July, 2019.
4. The Consolidated Financial Results have been prepared in accordance with Ind AS 110 "Consolidated Financial Statement" and Ind AS 28 "Investments in Associates and Joint Ventures".
5. During the quarter ended 30th June, 2019, a Scheme of Amalgamation ('the Scheme') between the Company and its wholly owned subsidiary namely Elecon Transmission International Limited, Mauritius ('ETIL') was sanctioned by the National Company Law Tribunal, Ahmedabad Bench, with an appointed date of 01st April, 2019. Consequently, impact of the Scheme has been given from appointed date (i.e. 01st April, 2019) in the aforesaid unaudited standalone financial results. As per the Scheme, all assets and liabilities of ETIL as at appointed date (i.e. 01st April 2019) have been recorded at their carrying values determined in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other accounting principles generally accepted in India and the difference between net assets and equity, after eliminating inter-company balances, is credited to 'Other Equity'.
6. Effective 01st April, 2019, the Company has adopted Ind AS 116 Leases using modified retrospective approach. This has resulted in recognizing right of use assets and lease liability as on 01st April, 2019. The adoption of the standard did not have any material impact on the unaudited standalone financial results.

**For and on behalf of Board of Directors,**
**Prayasvin B. Patel**
**Chairman & Managing Director**
**DIN : 00037394**

Place: Vallabh Vidyanagar
Date : 26th July, 2019

### ઓમકાર ઓવરસીઝ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : 212, ન્યુ કલોથ માર્કેટ, રાયપુર દરવાજા બહાર, રાયપુર, અમદાવાદ - 380002. Phone No.: 91-79-22132078
E-mail: omkaroverseas212@gmail.com Website: www.omkaroverseasltd.com
CIN : L51909GJ1994PLC023680

**નોટિસ**

સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન, 2015 માટે નિયમ 47 સાથે વાંચી નિયમ 29 અનુસાર નોટિસ આપવવામાં આવે છે કે **સોમવાર, 12મી ઓગસ્ટ** 2019ના કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગ ઉપરના રજીસ્ટર્ડ ઓફિસના સરનામે મળશે. જેમાં તારીખ 30મી જૂન 2019ના રોજ પુરા થતા પ્રથમ કવાર્ટર અને ત્રણ માસ માટેના કંપનીના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામો પર વિચારણા અને મંજુરી આપવા.
આ સંદર્ભે, ટ્રેડિંગ વિન્ડો સોમવાર તારીખ 1લી જુલાઈ, 2019 થી તમામ નિયુકત વ્યકિતઓ માટે પહેલેથી જ બંધ રાખવામાં આવેલ છે. 30 મી જૂન, 2019ના રોજ પુરા તથા પ્રથમ કવાર્ટર અને ત્રણ માસના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામોની જાહેરાત પછી 48 કલાક સુધી બંધ રહેશે.
આ નોટિસમાં સમાવેલી માહિતી કંપનીની વેબસાઈટ www.omkaroverseasltd.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ i.e www.bseindia.com ઉપર ઉપલબ્ધ છે.

સ્થળ : અમદાવાદ — ઓમકાર ઓવરસીઝ લિમિટેડ વતી
તારીખ : 25-07-2019 — રમેશ દેઓરા, ડાયરેટર અને સીઈઓ - DIN : 001135440

### સાનવી એડવાઈઝર્સ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : 304, શોપર્સ પ્લાઝા-5, ગર્વમેન્ટ સર્વેન્ટસ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિમિટેડ, મ્યુનિસિપલ માર્કેટ સામે, સીજી. રોડ, અમદાવાદ - 380009.
CIN : L74140GJ1981PLC084205 Email : saptharishifin@gmail.com Ph.No.: 079-48904153

**નોટિસ**

સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન, 2015 માટે નિયમ 47 સાથે વાંચી નિયમ 29 અનુસાર નોટિસ આપવવામાં આવે છે કે **સોમવાર, 12મી ઓગસ્ટ** 2019ના કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સની મિટિંગ ઉપરના રજીસ્ટર્ડ ઓફિસના સરનામે મળશે. જેમાં તારીખ 30મી જૂન 2019 ના રોજ પુરા થતા પ્રથમ કવાર્ટર અને ત્રણ માસ માટેના કંપનીના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામો પર વિચારણા અને મંજુરી આપવા.
આ સંદર્ભે, ટ્રેડિંગ વિન્ડો સોમવાર તારીખ 1લી જુલાઈ, 2019 થી તમામ નિયુકત વ્યકિતઓ માટે પહેલેથી જ બંધ રાખવામાં આવેલ છે. 30 મી જૂન, 2019ના રોજ પુરા તથા પ્રથમ કવાર્ટર અને ત્રણ માસના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામોની જાહેરાત પછી 48 કલાક સુધી બંધ રહેશે.
આ નોટિસમાં સમાવેલી માહિતી કંપનીની વેબસાઈટ www.saptharishi.in અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ i.e www.msei.in ઉપર ઉપલબ્ધ છે.

સ્થળ : અમદાવાદ — સાનવી એડવાઈઝર્સ લિમિટેડ વતી
તારીખ : 25-07-2019 — **રૂપેશ વેદ,** ડાયરેટર - DIN : 01504998